# સુરત મહાનગરપાલિકા

**મોજે અડાજણ વિસ્તારની નગર રચના યોજના,સુરત નં.૩૧(અડાજણ) તૈયાર કરવા બાબત :-**

xxxxxxxxxxxxxxx

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ-(૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૭-૧-૮૪ના ઠરાવ નં.૭૨૭(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રિએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૪૪/૯૭, તા.૧૨-૮-૯૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૩૧ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ અડાજણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૩૧(અડાજણ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરની કચેરી, મુગલીસરા, ચોકબજાર, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત :
તા.૧૪-૮-૯૭

**ઠરાવ :-**

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૮-૮-૯૭ના રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૨-૮-૯૭ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

xxxxxxxxxxx

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રીના તા.૯-૭-૯૭ના પત્ર નં.સીગીસ/૮/૧૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં અડાજણ વિસ્તારમાં ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ મુસદારૂપ નગર રચના યોજના સુરત નં.૩૧(અડાજણ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૪૪/૯૭ સર્વાનુમતે મંજુર**